પેજ3

## પરિવારના નામની પ્રતિષ્ઠા શું પેઢી દર પેઢી આગળ વધે?: દિલ્હી હાઈકોર્ટનો આરાધ્યા બચ્ચન કેસમાં મોટો સવાલ



નવી દિલ્હી, તા. 13 (PTI): શું પરિવારના નામને કારણે મળતી પ્રતિષ્ઠા પેઢી દર પેઢી આગળ વધે છે? અભિનેતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનની પુત્રી વિશે સોશિયલ મીડિયા પર 'ભ્રામક' સામગ્રીના પ્રકાશન સંબંધિત એક કેસની સુનાવણી કરતી વખતે ગુરુવારે દિલ્હી હાઈકોર્ટે આ સવાલ પૂછ્યો હતો. જસ્ટિસ અનૂપ જે ભાંભણીએ પૂછ્યું હતું કે, "જો પરિવારનું નામ ટ્રેડમાર્ક સાથે જોડાયેલી પ્રતિષ્ઠા સમાન હોય તો પરિવારના નામની આવી પ્રતિષ્ઠા પેઢીઓ સુધી કેટલે અંશે લાગુ પડે છે?" આરાધ્યા બચ્ચન અને અભિષેક બચ્ચને 2023માં આ કેસ દાખલ કર્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, સગીરાના સ્વાસ્થ્ય અને અંગત જીવન સંબંધિત યુટ્યુબ પર તદ્દન ખોટા વીડિયો પ્રકાશિત આવ્યો. ગુરુવારે સુનાવણી દરમિયાન જસ્ટિસ ભાંભણીએ કહ્યું હતું કે, ટ્રેડમાર્ક અને તેની પ્રતિષ્ઠાનું મૂલ્ય કોઈ ઉત્પાદન કે સેવા સાથે જોડાયેલું હોય છે, પરંતુ જ્યારે તમે કોઈ વ્યક્તિ વિશે વાત કરી રહ્યા હોવ ત્યારે આ કેસ 'સંદર્ભની રીતે થોડો અલગ' બની જાય છે. ન્યાયાધીશે પૂછ્યું હતું કે, "ચોક્કસ અટક (સરનેમ)ની પ્રતિષ્ઠા અમુક ક્ષેત્રમાં તેમની સિદ્ધિઓ, શ્રેષ્ઠતા વગેરેને કારણે હોય છે. તેથી, શું તે પ્રતિષ્ઠા, જેને તમે વર્ચ્યુઅલી ટ્રેડમાર્ક તરીકે દર્શાવી રહ્યા છો... શું તે પેઢી દર પેઢી આગળ વધે છે? જો હા, તો કઈ હદ સુધી?"

## થલપતિ વિજયની પત્ની સંગીતાએ છૂટાછેડાની અરજી પાછી ખેંચી

ચેન્નાઈ, તા. 13: થલપતિ વિજય અને તેમની પત્ની સંગીતા સોર્નાલિંગમનો સંબંધ તૂટતાં-તૂટતાં બચ્યો છે અને એવામાં તેમની વચ્ચે થયેલા સમાધાનથી તેમના ચાહકો ખૂબ ખુશ છે. જ્યાં એક તરફ ફેન્સમાં ખુશીનો માહોલ છે તો બીજી તરફ એક્ટ્રેસ અને થલપતિ વિજયની ગર્લફ્રેન્ડ તરીકે ચર્ચાઓમાં રહેલી અભિનેત્રી તૃષા કૃષ્ણનની સોશિયલ મીડિયા પોસ્ટ જબરદસ્ત ચર્ચામાં છે. તૃષા કૃષ્ણને એવી ઇન્સ્ટાગ્રામ સ્ટોરી મૂકી છે જેને વિજયની પર્સનલ લાઇફ સાથે જોડીને જોવામાં આવી રહી છે. એક તરફ સંગીતાએ વિજય પાસેથી છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી છે ત્યારે તૃષાની આ પોસ્ટ ટોક ઓફ ધ ટાઉન બની ગઈ છે. તૃષાએ ઇન્સ્ટાગ્રામ પર જે પોસ્ટ કરી તેમાં લખ્યું હતું, ''આ ઉંમરે ડ્રામા શરમજનક છે... જાઓ થોડા પૈસા કમાઓ અને શાંતિ મેળવો.''

## યુકેમાં વર્ષનો સૌથી ગરમ દિવસ: તાપમાન ૩૮.૧ ડિગ્રી

લંડન, તા. ૧૩(એપી): પશ્ચિમ યુરોપના મોટાભાગના વિસ્તારો ગુરુવારે ફરી એકવાર ભારે ગરમીમાં શેકાયા હતા, જેમાં બ્રિટન એક અસાધારણ ઉનાળાની તેની પાંચમા હીટ વેવનો સામનો કરવા તૈયાર છે. આ ઉનાળો અત્યાર સુધીનો સૌથી ગરમ ઉનાળો નોંધાય તેવી શક્યતા છે. યુકેમાં ગુરુવારે આ વર્ષનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો, જેમાં પશ્ચિમ લંડનમાં તાપમાન ૩૮.૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, તેમ રાષ્ટ્રીય હવામાન સેવાએ જણાવ્યું છે. મેટ ઓફિસે જણાવ્યું હતું કે આ તાપમાન ૨૮ જૂનના રોજ નોંધાયેલા આ વર્ષના અગાઉના ૩૮ ડિગ્રી સેલ્સિયસના રેકોર્ડને વટાવી ગયું છે. જો કે, તે ૨૦૦૩માં સ્થપાયેલા યુકેના ઓગસ્ટ મહિનાના ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ(૧૦૧.૩ ડિગ્રી ફેરનહીટ) ના સર્વોચ્ચ રેકોર્ડ કરતાં ઓછું રહ્યું હતું. દુકાનો અને ઓફિસો સિવાય એર કન્ડીશનીંગ(AC) અહીં ખૂબ જ દુર્લભ છે. દેશનો મોટો હિસ્સો હવે સત્તાવાર રીતે દુષ્કાળની ઝપેટમાં છે, જેના કારણે ઘરો, ખેતીવાડી અને પર્યાવરણ માટે પાણીના સંસાધનો પર દબાણ વધી ગયું છે. . બીજી તરફ, જંગલમાં લાગેલી આગ બેકાબૂ બનીને ભભૂકી રહી છે, જેમાં ખાસ કરીને આ અઠવાડિયે દક્ષિણ ઇંગ્લેન્ડના ન્યૂ ફોરેસ્ટમાં લાગેલી આગ નોંધપાત્ર છે. નેશનલ ફાયર ચીફ્સ કાઉન્સિલના ડેટા અનુસાર, આ વર્ષે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ૧,૦૧૭ જંગલી આગ નોંધાઈ છે, જે ગયા વર્ષના રેકોર્ડબ્રેક કુલ આંકડા જેટલી જ છે.

# યુરોપભરમાં આકાશમાં સર્જાયું અદ્‌ભૂત સૂર્યગ્રહણ!

**સૂર્યગ્રહણ** જોવા આખું યુરોપ આકાશ તરફ: કાળા ચશ્મા પહેરીને લાખો લોકોએ નજારો માણ્યો



લંડન, તા. ૧૩: બુધવારે યુરોપભરના લાખો લોકોએ આ સદીમાં એકાદ વાર જ જોવા મળતા દુર્લભ સૂર્યગ્રહણના સાક્ષી બનવા માટે આકાશ તરફ નજર માંડી હતી.

બુધવારે સ્થાનિક સમય મુજબ બપોરના સુમારે રશિયાના સાઈબિરીયાથી આ દુર્લભ ગ્રહણની શરૂઆત થઈ હતી, જ્યાં ચંદ્ર ધીમે-ધીમે સૂર્યની સામે આવવા લાગ્યો હતો. ત્યારબાદ તે સાંજે લગભગ ૪:૩૦ વાગ્યે અમેરિકાના અલાસ્કામાં પહોંચ્યું હતું, અને ત્યાંથી ગ્રીનલેન્ડ થઈને યુરોપ તરફ આગળ વધ્યું હતું, જ્યાં હજારો ઉત્સુક દર્શકો આ અદ્ભુત ખગોળીય ઘટનાને જોવા માટે તૈયાર બેઠા હતા. ઘણા સ્થળે લોકો સૂર્યગ્રહણનો નજારો જોવા ખાસ કાળા ચશ્મા પહેરીને આકાશ તરફ મીટ માંડી રહ્યા હતા. સ્પેનના કેટેલોનિયામાં તો કેટલાક સ્થળે ભારે ભીડ ભેગી થઇ હતી અને પોલીસ બંદોબસ્ત રાખવો પડ્યો હતો. ખાસ સ્થળેથી ગ્રહણ જોવા માટે કેટલાક લોકોએ મોટી રકમ ચુકવી હોવાનું પણ જાણવા મળે છે. 'એમએસ સ્પિટ્સબર્ગન' સહેલાણી જહાજના કેપ્ટન સ્વેરે રુડે પૂર્વ ગ્રીનલેન્ડના રાઈપફજોર્ડના દરિયામાં પોતાના જહાજને એવી રીતે ફેરવ્યું જેથી તેમના ૧૨૬ મુસાફરો આ નજારાને બિલકુલ યોગ્ય જગ્યાએથી નિહાળી શકે. બુધવારે આખો દિવસ લોકો કેપ્ટન રુડ પાસે આવીને પૂછતા રહ્યા કે શું તેમણે ગ્રહણ જોવા માટે સાચી જગ્યા નક્કી કરી લીધી છે કે નહીં - કારણ કે જો ગ્રહણ જોવું હોય તો આકાશમાં વાદળો બિલકુલ ન હોવા જોઈએ.

## અસીમ મુનીર ઈસ્લામિક નાટોના કમાન્ડર બનશે?

**પાકિસ્તાન**-સાઉદી-તુર્કીના સંયુક્ત સંરક્ષણ માળખાના સંચાલનમાં લશ્કરી વડાઓનો પણ સમાવેશ કરવાનો તુર્કીનો સંકેત

અંકારા, તા. ૧૩: પાકિસ્તાનના લશ્કરી વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને વધુ એક બઢતી મળી શકે છે. તેઓ ટૂંક સમયમાં જ કથિત 'ઈસ્લામિક નાટો'ના કમાન્ડર બની શકે છે.

એક અહેવાલ અનુસાર, તુર્કીના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે પાકિસ્તાન-સાઉદી અરેબિયા-તુર્કી ગઠબંધનનું સંચાલન કરતી સંસ્થાઓમાં ત્રણેય દેશોના સૈન્ય વડાઓનો સમાવેશ થશે. આ અગાઉ, તુર્કીના વિદેશ પ્રધાન હાકાન ફિદાને પુષ્ટિ કરી હતી કે 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' તકનીકી રીતે નાટોના આર્ટિકલ 5 જેવો જ છે, જે સામૂહિક સંરક્ષણની કલમ છે અને ગઠબંધનનો મુખ્ય આધાર છે. તેમણે જણાવ્યું હતું કે નાટોની ગવર્નિંગ બોડીઝની જેમ જ આ ગઠબંધન ચલાવવા માટે મંત્રીઓની એક સમિતિની રચના કરવામાં આવશે, અને સાઉદી અરેબિયામાં એક જનરલ સેક્રેટરિએટ સ્થાપવામાં આવશે. પરંતુ હવે તુર્કીના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે સભ્ય દેશોના ગવર્નિંગ સ્ટ્રક્ચરમાં લશ્કરી વડાઓનો પણ સમાવેશ કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ વ્યવસ્થામાં ત્રણેય દેશોના સંરક્ષણ મંત્રીઓ, વિદેશ મંત્રીઓ અને સૈન્ય વડાઓ સામેલ થશે. મંત્રાલયે વધુમાં ઉમેર્યું કે ત્રણેય દેશો મક્કા કરારના માળખા હેઠળ સંયુક્ત સૈન્ય અભ્યાસ પણ હાથ ધરશે.

## એર-ઈન્ડિયા હવે તેના તમામ પાયલોટોનો ડ્રગ્સ ટેસ્ટ કરશે

**ટર્બ્યુલન્સનો** ભોગ બનેલી ફ્લાઇટના પાયલોટે ગાંજાનું સેવન કર્યું હોવાનું પુરવાર થયા બાદ લેવાયેલો નિર્ણય

**હાલના** નિયમ પ્રમાણે દરેક એરલાઇન્સે વર્ષમાં તેના દસ ટકા પાયલોટોનું આવું રેન્ડમ પરીક્ષણ કરવું ફરજિયાત છે

નવી દિલ્હી, તા. 13(પીટીઆઈ): સૂત્રોના જણાવ્યા અનુસાર, હવામાં અચાનક ઉંચાઈ ગુમાવી દેનાર ફૂકેટ-દિલ્હી ફ્લાઈટના કેપ્ટન મેરિજુઆના ટેસ્ટમાં પોઝિટિવ આવ્યા બાદ, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ ગુરુવારથી તેમના તમામ પાઈલટ્સ માટે ફરજિયાત સાયકોએક્ટિવ સબસ્ટન્સ (નશીલા પદાર્થો)નું પરીક્ષણ શરૂ કરશે, જે નિયામક જરૂરિયાતો ઉપરાંતની તપાસ રહેશે.

ટાટા ગ્રૂપની માલિકીની આ બંને એરલાઈન્સ પાસે સંયુક્ત રીતે 5,000થી વધુ પાઈલટ્સ છે. એરલાઈન્સે પાઈલટોને મોકલેલા એક આંતરિક સંદેશાવ્યવહારમાં જણાવ્યું છે કે, આ વ્યાપક સ્ક્રીનિંગમાં પ્રવર્તમાન ઉડ્ડયન નિયમો હેઠળ પ્રતિબંધિત પદાર્થો અને ડ્રગ્સનો સમાવેશ કરવામાં આવશે.

મેમો અનુસાર, આ ટેસ્ટ એર ઈન્ડિયાની ગુરુગ્રામ એકેડેમીમાં ટ્રેનિંગ સેશન દરમિયાન, ફ્લાઈટ પછી બ્રીફિંગ સેન્ટર્સ અને એરલાઈન ઓફિસોમાં અથવા પાઈલટ્સના હોમ બેઝ દ્વારા નિર્ધારિત સ્થળોએ લેવામાં આવશે.

## દીક્ષાંત સમારોહમાં CJIને આમંત્રિત કરવા સામે નાલસારના સ્નાતકોનો વિરોધ

**BCIએ** વિદ્યાર્થીઓ પર વકીલાત નોંધણી પર પ્રતિબંધ મૂક્યો

**ભારે** ટીકાઓ થતા કલાકોમાં આદેશ પાછો ખેંચતા કહ્યું મોટા ભાગના વિદ્યાર્થીઓ નિર્દોષ

નવી દિલ્હી, તા. ૧૩: બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(BCI)એ ગુરુવારે NALSAR યુનિવર્સિટી ઓફ લોના ૨૦૨૬ના સ્નાતકોની સ્ટેટ બાર કાઉન્સિલોમાં નોંધણી રોકવાના પોતાના નિર્ણયને પરત ખેંચી લીધો છે. યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સૂર્યકાંતને આમંત્રિત કરવા સામે વિદ્યાર્થીઓના વિરોધ બાદ ઊભા થયેલા વિવાદ વચ્ચે આ આદેશ જાહેર થયાના ગણતરીના કલાકોમાં જ તેને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

એક તાકીદની ચર્ચા બાદ જારી કરાયેલા નવા પત્રમાં, BCIએ જણાવ્યું હતું કે ૨૦૨૬માં પાસ આઉટ થનારા નાલસારના તમામ વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની સ્ટેટ બાર કાઉન્સિલમાં નોંધણી કરાવવા માટે પાત્ર રહેશે. કાઉન્સિલે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ વિદ્યાર્થીને તેના પક્ષે કોઈ ભૂલ વિના સહન કરવું પડશે નહીં. જો કે, કાઉન્સિલે આ મામલો સંપૂર્ણપણે બંધ કર્યો નથી અને જણાવ્યું છે કે તે આગળની કોઈ પણ કાર્યવાહી નક્કી કરતા પહેલા નાલસારના વાઈસ ચાન્સેલરના તપાસ અહેવાલની રાહ જોશે.





## બ્રિટનના ઈસ્ટ સસેક્સમાં પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરી

યુનાઈટેડ કિંગડમના ઈસ્ટ સસેક્સમાં ગુરુવારે બપોરે એક મોટી રેલ દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં હેવર્ડ્સ હીથ અને લુઈસ રેલવે સ્ટેશન વચ્ચે ચાલતી 8 બોગી ધરાવતી સધર્ન પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રેનના પાછળના કેટલાક ડબ્બા પલટી મારીને બાજુ પર પડી ગયા હતા, જેમાંથી એક ડબ્બો ટેકરા પરથી નીચે સરકી ગયો હતો. આ દુર્ઘટના બપોરે આશરે 3:54 વાગ્યે બની હતી. ટ્રેન પાટા પરથી ખડી પડતાં અંદર બેઠેલા મુસાફરો એકબીજા પર પટકાયા હતા. શરૂઆતમાં 40 થી વધુ મુસાફરો પલટી ગયેલા ડબ્બાઓમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસ, પેરામેડિક્સ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. ઈમરજન્સી સેવાઓએ ટ્રેનની ઉપર ચડીને અને દરવાજા તોડીને મુસાફરોને સ્ટ્રેચર દ્વારા સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં કોઈ વ્યક્તિનું મોત થયું નથી તેમજ કોઈને ગંભીર ઈજા પહોંચી નથી.

## 'સૌથી પહેલાં પરમાણુ હુમલો પાકિસ્તાન કરશે': ચીની પ્રોફેસરનો દાવો

નવી દિલ્હી, તા. 13: ચીનમાં જન્મેલા કેનેડિયન શિક્ષણશાસ્ત્રી પ્રોફેસર અને જીઓપોલિટિક્સના નિષ્ણાત ઝિયાંગ ઝ્યુકિને પરમાણુ શસ્ત્રોને લઈને એવો દાવો કર્યો છે, જેનાથી ભારત સહિત સમગ્ર વિશ્વમાં નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. પ્રોફેસર ઝ્યુકિનનું માનવું છે કે, કોઈ સંઘર્ષની સ્થિતિમાં પાકિસ્તાન સૌથી પહેલા પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી શકે છે. તેમણે આ પહેલા પણ ઘણી એવી ભવિષ્યવાણીઓ કરી છે, જે બિલકુલ સચોટ સાબિત થઈ છે. અત્યાર સુધી દુનિયામાં માત્ર એક જ વાર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પરમાણુ બોમ્બનો ઉપયોગ થયો હતો. આ સમયે દુનિયામાં એવા ઘણા દેશો છે, જેમની પાસે પરમાણુ શસ્ત્રો છે. રાજ શમાણીના પોડકાસ્ટમાં ઝિયાંગ ઝ્યુકિનને દુનિયામાં કોઈ યુદ્ધ દરમિયાન પરમાણુ બોમ્બના ઉપયોગ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે કહ્યું કે, કોઈ સંઘર્ષની સ્થિતિમાં પાકિસ્તાન સૌથી પહેલા પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી શકે છે.


શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. બાબેન-બારડોલી.
સહકાર પેનલ
જાહેર સભા
તા. ૧૪-૦૮-૨૦૨૬, શુક્રવાર
સમય : બપોરે ૨-૩૦ કલાકે
રામજી મંદિર, મુ.પો. સેવણી.

ચુંટણી પ્રતિક : ગાડું



100% સુધીની છૂટ
દાગીનાની ઘડામણ પર
ડાયમંડ | પ્લેટિનમ | પોલકી | એન્ટિક | ગોલ્ડ
છેલ્લા 18 દિવસ
KALAMANDIR | સુવર્ણ મહોત્સવ 4.0
આજનો 22 kt સોનાનો ભાવ
140360/- પ્રતિ 10ગ્રામ
મુંબઇ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા
Contact No. +91 95109 70230
*શરતો લાગુ



ગુજરાતનું પવિત્ર, પૌરાણિક અને રમણીય યાત્રાધામ
અંધેશ્વર મહાદેવ મંદિર સંકુલ, અમલસાડ
પવિત્ર શ્રાવણ માસના પર્વ નિમિત્તે ભકતજનોનું સ્વાગત છે.
કેટલીક યાત્રાઓ અંતર ઘટાડવાથી ટુંકી થતી નથી - તે શ્રધ્ધાથી નજીક આવે છે

- મંદિર સંકુલનો જીર્ણોધ્ધાર સને ૨૦૦૧ અને નવનિમાર્ણ સને ૨૦૨૫
- મહાદેવજીના શિવલીંગ સાથે ગર્ભગૃહ તથા જુદા-જુદા દેવી-દેવતાઓની સુંદર કલાત્મક મૂર્તિઓ સાથેનો વિશાળ રંગમંડપ
- દ્વાદશ જ્યોર્તિલીંગ
- ૮૦૦ વર્ષ પુરાણા મંદિરના સાંસ્કૃતિક હેરીટેજ શિલ્પ સ્થાપત્યો (અવશેષો) ની ઝાંખી
- રામકુટિર, સાંઈકુટિર, નવગ્રહ, શનિદેવ, શિવ બ્રહ્માંડ ઉપવન, રંગોલી-રાધાકૃષ્ણ ચોક, હનુમાન મંદિર
- અન્નપૂર્ણા અલ્પાહારગૃહ




દ્વાદશ જ્યોર્તિલીંગ

"સ્થળ એક - અનુભવો અનેક"
- કેદારનાથ થી રામેશ્વરમ્ અને સોમનાથ થી વૈધનાથ સુધીનો અનુભવ એક જ સ્થળે
- પર્યાવરણ અને ભક્તિનો અદ્ભુત સમન્વય

દેશભરના કલાકારો દ્વારા તૈયાર કરાયેલ ભગવાન શિવને દર્શાવતી રંગબેરંગી કલાકૃતિઓ, ભગવાન રામ તથા સાંઇ ભગવાનની મૂર્તિ અને શિવની આસપાસની નોંધપાત્ર પૌરાણિક કથાઓને મુખ્ય મંદિર તથા દ્વાદશ જ્યોર્તિલીંગમાં ખાસ કરીને રાત્રી દરમ્યાન નિહાળો.
દર્શનાર્થીઓએ સંકુલ પ્રવેશ માટે ગેટ નં. 1 (New Gate) નો ઉપયોગ કરવો.
અંધેશ્વર મહાદેવના ઈતિહાસ, વિકાસ, સુવિધાની ડોક્યુમેન્ટ્રી નિહાળો : YouTube
ISO 9001 : 2015
શ્રધ્ધા, પર્યાવરણ, જ્ઞાન
ડૉ. નિમેષ વશી
ટ્રસ્ટ પ્રમુખ તથા ટ્રસ્ટીશ્રીઓ,
શ્રી અંધેશ્વર મહાદેવ ટ્રસ્ટ
www.andheshwarmahadev.com
ફોન નં : ૦૨૬૩૪-૨૭૨૪૬૯
નવસારી-અબ્રામા કોસ્ટલ હાઈવે, અમલસાડ



શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. બાબેન-બારડોલી.
કિસાન પરિવર્તન પેનલ
સુજ્ઞ સભાસદ ભાઈઓ/બહેનો,
તા. ૧૬-૦૮-૨૦૨૬ ના રોજ આપણી ઉપરોકત સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની યોજનાર ચુંટણી માટે આપણી કિસાન પરિવર્તન પેનલની રચના
શ્રી મુકેશચંદ્ર નગીનભાઈ પટેલ
ના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ છે. તો કિસાન પરિવર્તન પેનલ ના તમામ ઉમેદવારોને ટ્રેકટર ના નિશાન પર મત આપી અપાવી વિજય બનાવવા નમ્ર અપીલ.


કિસાન પેનલના ઉમેદવારો

| નં. | જુથનું નામ | ઉમેદવારનું નામ | ગામ | નિશાન | ફોટો |
|---|---|---|---|---|---|
| ૧ | મોતા | શ્રી સતીષભાઈ શૈલેષભાઈ પટેલ | મોતા | | |
| ૨ | ખરવાસા | શ્રી ભૂપેન્દ્રસિંહ તખ્તસિંહ સોલંકી | ખરવાસા | | |
| ૩ | શામપુરા | શ્રી કિરીટ(બાદશાહ) મગનભાઈ પટેલ | શામપુરા | | |
| ૪ | ઓરણા | શ્રી અનિલભાઈ હરિભાઈ પટેલ | ધારૂઠા | | |
| ૫ | સેવણી | શ્રી ચેતનભાઈ વનમાળીભાઈ પટેલ | સેવણી | | |
| ૬ | પુણા | શ્રી પ્રફુલભાઈ મોહનભાઈ પટેલ | પુણા | | |
| ૭ | તુંડી | શ્રી મુકેશચંદ્ર નગીનભાઈ પટેલ | બગુમરા | | |
| ૮ | એના | શ્રી અતુલભાઈ જયંતિભાઈ પટેલ | એના | | |
| ૯ | નિઝર | શ્રી રૂપેશભાઈ રામચંદ્ર ભકત | પથરાડીયા | | |
| ૧૦ | બારડોલી | શ્રી વિનોદચંદ્ર મગનલાલ પટેલ | ધામડોદ-લુંભા | | |
| ૧૧ | મોટી ફળોદ | શ્રી પંકજભાઈ રમણભાઈ પટેલ | નસુરા | | |
| ૧૩ | મહીલા અનામત - ૧ | શ્રીમતી ઉષાબેન પ્રવિણભાઈ પટેલ | પુણા | | |
| ૧૪ | મહીલા અનામત - ૨ | શ્રીમતી ઉષાબેન વિનોદભાઈ પટેલ | બગુમરા | | |
| ૧૫ | અ.જા./અ.આ.જા | શ્રી તરૂણકુમાર જગુભાઈ વાઘેલા | કડોદ | | |

:: કન્વીનરશ્રી ::
ઉતમભાઈ પરભુભાઈ પટેલ (ધારૂઠા)
:: શુભેચ્છક ::
મહેશભાઈ છગનભાઈ પટેલ (મોતા)
:: સહ કન્વીનરશ્રીઓ ::
પરેશભાઈ કુંદનભાઈ પટેલ (વાંઝ)
કિરણભાઈ મોહનભાઈ દેસાઈ (મોતા)
અજીતસિંહ બળવંતસિંહ સુરમા (બારડોલી)